મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૩ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૮૫ ટકા
ગાંધીનગર તાપમાન

આજે ગુરૂપુષ્ય યોગ : એક સાથે દસ શુભ યોગનો સંયોગ

છેલ્લા ૧૫૦૦ વર્ષમાં નથી બન્યો ગુરૂપુષ્ય નક્ષત્રમાં આ યોગ : સોનાની ખરીદીનો શુભયોગ

ગાંધીનગર તા.૨૪

આ વર્ષે ૨૪ ઓકટોબરના રોજ દિવાળીની ઉજવણી કરવામાં આવશે. દિવાળીના બે મહિના અગાઉ ૨૫ ઓગસ્ટના રોજ ગુરૂપુષ્ય નક્ષત્ર છે. આ નક્ષત્ર એટલા માટે દુર્લભ છે કારણકે આ ખાસ દિવસે દસ શુભ યોગ બની રહયા છે. જયોતિષ શાસ્ત્ર પ્રમાણે દિવાળીના બે મહિના ગુરૂપુષ્ય નક્ષત્ર શુભ કાર્યની શરૂઆત માટે વરદાન સમાન છે. આ અદભૂત શુભ સંયોગ સાથે ૨૫મી ઓગસ્ટને મીની દિવાળી પણ કહી શકાય છે. જેમાં દસ મહાયોગનો આવો દુર્લભ સંયોગ છેલ્લા ૧૫૦૦ વર્ષમાં જોવા મળ્યો નહોતો. પુષ્ય નક્ષત્રની શરૂઆત સુર્યોદય સાથે થશે અને સાંજે ૪.૫૦ સુધી રહેશે. ૧૨ કલાકનું આ મહામુહુર્ત છે. જેમાં દરેક પ્રકારનાં શુભ કાર્ય લાભદાયક, કાયમી અને શુભ ફળદાયી રહેશે. જો ગુરૂવારના દિવસે તમને રિયલ એસ્ટેટમાં રોકાણ કરવા, નવા કામો શરૂ કરવા, વાહનો, ઘરેણાં, કપડાં અને અન્ય વસ્તુઓ ખરીદવાથી અનેક લાભો મળશે. આ સાથે ઘર અને ઓફિસના ઉપયોગ માટે જરૂરી વસ્તુઓ ખરીદવી પણ શુભ માનવામાં આવે છે.

આ દિવસે સુર્ય સિંહ રાશિમાં, ચંદ્ર કર્કમાં, બુધ કન્યામાં, ગુરૂ મીનમાં અને શનિ મકર રાશિમાં રહેશે. આ રીતે પાંચ ગ્રહ પોતપોતાની રાશિમાં રહેશે. જેને શુભ માનવામાં આવે છે. શનિ અને ગુરૂ પોતપોતાના રાશિઓમાં હોવાના કારણે આ સંયોગમાં શુભ ફળમાં વધારો થશે કારણકે પુષ્ય નક્ષત્રનો સ્વામી શનિ છે અને દેવતા ગુરૂ છે. છેલ્લી ઘણી સદીઓમાં ગ્રહોની આ પ્રકારની સ્થિતિ જોવા મળી નથી. આ દિવસે સર્વાર્થ સિધ્ધિ, અમૃતસિધ્ધિ અને વરિયન નામના ત્રણ મોટા યોગ એક સાથે જ શુભકર્તરી, વરિષ્ઠ ભાસ્કર અને ઉભયચારી, હર્ષ, સરલ અને વિમલ નામના રાજયોગો પણ બની રહયા છે. આ દિવસે દસ શુભ યોગ હોવાને કારણે ખરીદીનો મોટો સંયોગ બની રહયો છે. સિતારાઓની આ સ્થિતી આજ સુધી બની નથી. દિવાળી પહેલા જયારે પણ ગુરૂપુષ્ય સંયોગ આવે છે ત્યારે એમાં રોકાણ અને ખરીદી કરી શકાય છે. આ વખતે આ યોગ શ્રાવણ મહિનામાં બની રહયો છે. આ મહિનાનો સ્વામી ચંદ્ર છે અને દેવતા ઋષિકેશ છે. પુષ્યનક્ષત્ર ચંદ્રની રાશિમાં આવે છે અને ગુરૂવાર એ ભગવાન ઋષિકેશ એટલે કે વિષ્ણુજીનો દિવસ છે. તેથી આ સંયોગમાં કરવામાં આવેલી ખરીદી લાંબા સમય સુધી ફાયદાકારક રહેશે.

જન્મદિને વધામણી

રાજન ભરતભાઈ શાહ
સહમંત્રી,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
MDRT Insurance Adviser
મો. ૯૮૨૪૦ ૫૪૯૪૦

ભરતભાઈ પંડ્યા
(સિટી એન્જિનિયર, મનપા)
મો. ૯૮૯૮૧ ૪૭૦૭૨

નૂપુર સોની
લાયોનેસ ક્લબ

ભવ્યાબા ધર્મેન્દ્રસિંહ મહીડા
મો. ૯૫૭૪૧ ૨૩૪૫૨

જીગર ત્રિવેદી
મો. ૯૮૯૮૩ ૧૮૮૧૫

તેજસ પટેલ
મો. ૯૯૦૪૦ ૮૦૦૩૫

રિતેષ રાવત
મો. ૯૬૬૨૪ ૪૭૬૬૩

પટેલ રક્ષિત
મો. ૯૫૭૪૧ ૨૩૪૫૨

જીયા ઉપેશકુમાર સોલંકી
મો. ૯૬૬૨૬ ૮૬૭૫૬

રાશિ ફોરમકુમાર વસાવડા

મીનલ મેહુલ શાહ
મો. ૯૫૩૭૭ ૭૨૨૫૬

મોહંમદ માઝ
મો. ૯૮૯૮૧ ૩૦૨૫૨

દિપક એમ.ગાંધી
મો. ૯૮૨૫૦ ૬૮૧૩૪

કાર્તિકેય સોબતી
મો. ૯૪૨૭૬ ૨૬૬૯૬

લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા મનોદિવ્યાંગ બાળકોને સ્ટેશનરી-નાસ્તાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર લાયન્સ કલબ દ્વારા સે-૧ ખાતે વિશેષ ફીઝીકલી ચેલેન્જ ચિલ્ડ્રન એજ્યુકેશન સેન્ટર ખાતે મનોદિવ્યાંગ બાળકો માટે સ્ટેશનરી તથા નાસ્તાનું વિતરણ ડાયરેકટર કે.પી.પ્રજાપતિના સૌજન્યથી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લાયન્સ ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીકટ ૩૨૩૨-બી-૧ના ડીસ્ટ્રીકટ ગવર્નર રસિકભાઈ પટેલ તથા ડાયરેકટર ફીઝિકલી ચેલેન્જ લાયન્સ મુકેશ જાની ખાસ ઉપસ્થિત રહયા હતા. વર્ષ ૨૦૧૬થી ચાલતી વિશેષ એજયુકેશન થેરાપી સેન્ટરમાં ગાંધીનગર જિલ્લાના મેન્ટલી રીટાયર્ડ ૯૦થી વધારે બાળકો વિશે તાલીમ લઈ રહયા છે. સમગ્ર સંસ્થાનો પરિચય દીપાલીબેન તથા ચિરાગભાઈએ આપ્યો હતો. આ પ્રકારની અમેરીકન અને જાપાનીઝ ટેકનોલોજી દ્વારા બાળકોને સમાજમાં સ્વાવલંબી બની શકે તે માટે બન્ને પતિ-પત્નિ સંસ્થાને સમર્પિત થયેલા છે. આ પ્રસંગે લાયન પ્રમુખ મૌલિક ચોધરી લાયોનેસ પ્રમુખ પ્રીતીબેન વ્યાસ, લિયો પ્રમુખ કરણ માનિક, ડાયરેકટર એલ.કે.વાઘેલા, હરીશભાઈ ત્રિવેદી, મમતાબેન રાવલ તથા ઝોન ચેરમેન વૈશાલીબેન અને ડીસ્ટ્રીકટ ચેરમેન દિપેશ પટેલ, મહેન્દ્ર ઠકકર, નવીન પટેલ, ડો.જે.એસ.પ્રજાપતિ અને મોટી સંખ્યામાં લાયન્સ પરિવારના સભ્યો હાજર રહયા હતા. આ પ્રસંગે મેન્ટલી રીટાયર્ડ બાળકોની સેવા માટે લાયન્સ કલબના સિનીયર લાયન નટુભાઈ સોલંકીએ ૫૧ હજારનું દાન સંસ્થાને જાહેર કર્યું હતું.

સરકારી વિનયન કોલેજ ખાતે સ્ત્રી ચેતના દ્વારા પરિસંવાદ

ગાંધીનગર, તા.૨૪

'સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર તથા રાષ્ટ્રીય સ્તરે કાર્યરત 'સ્ત્રી ચેતના' સંસ્થાના સંયુકત ઉપકમે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અને CWDC (કોલેજીએટ વિમેન્સ ડેવલોપમેન્ટ સેલ) અંતર્ગત યોજાયેલા પરિસંવાદ અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ સાથે 'સ્ત્રી ચેતના' સંસ્થાના પદાધિકારીઓ દ્વારા વિવિધ સામાજિક વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પરિસંવાદના આરંભે CWDCના કોઓર્ડીનેટર ડૉ.જોલી દેસાઈએ વિવિધ વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. કોલેજના આચાર્ય ડો. અનુપાબેન ચૌહાણે આદર્શ વિદ્યાર્થી બનીને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન કરવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. આ પરિસંવાદમાં મુખ્ય અતિથિ રૂપે 'સ્ત્રી ચેતના'ના ગુજરાતના સ્થાપક તથા અધ્યક્ષ શ્રીમતી શૈલજા અંધારે ઉપસ્થિત રહ્યા હતા. જીવનસાથીની પસંદગી, કાર્ય સ્થળ પર જાતીય સતામણી જેવા વિષયોને તેમણે અધ્યક્ષીય વકતવ્ય અંતર્ગત આવરી લીધાં હતાં. 'સ્ત્રી ચેતના' ગાંધીનગરના કોઓર્ડીનેટર અને લેખિકા શ્રીમતી વૈજયંતી ગુપ્તેએ વિદ્યાર્થીઓને સંવિધાનનો પરિચય આપીને તેમની નાગરિક રૂપેની જવાબદારીઓ સમજાવી હતી. 'સ્ત્રી ચેતના'ના સાહિત્ય વિભાગના પ્રમુખ વિદ્યાબેન પસારીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરીને કૌટુંબીક સામંજસ્ય સારા સમાજના નિર્માણ માટે કેટલું જરૂરી છે, તે સમજાવ્યું હતું. આ પરિસંવાદમાં ડો. વૈદેહી ટાટુ, પ્રો.હેમાબેન પંડિત સહિત 'સ્ત્રી ચેતના' ગાંધીનગરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ સમગ્ર પરિસંવાદમાં રસપૂર્વક ભાગ લીધો હતો. પરિસંવાદનું સંચાલન ડો. ભાનુ કાપડિયાએ જ્યારે આભાર વિધિ ડો. રીટા મોરીએ કરી હતી.

ગાયત્રી મંદિર ખાતે જન્માષ્ટમી મહોત્સવની ધામધૂમથી ઉજવણી

ગાંધીનગર, તા. ૨૪

શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણીના ભાગરૂપે શહેરની જાણીતી સંસ્થાઓ પૂજન ડાન્સ એકેડેમી, લાયોનેસ કલબ ગાંધીનગર અને ગાયત્રી પરિવાર દ્વારા તા. ૧૯-૮-૨૨ના રોજ ગાયત્રી મંદિર સે. ૧ ખાતે જન્માષ્ટમી મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય અને ગાયત્રી વંદનાથી કરવામાં આવેલ ત્યારબાદ પૂજન ડાન્સ એકેડેમીના પ્રજ્ઞાબેન ગજ્જર દ્વારા પ્રસ્તુતિ તૈયાર કરવામાં આવી હતી જેમાં ૪૦ જેટલા કલાકારોએ 'નંદરાયની ડેલી હરખની હેલી' નૃત્ય નાટીકાઓની રમઝટ દ્વારા સૌને કૃષ્ણમય બનાવી દીધા હતા. મટકીફોડ અને નંદ ઘેર આનંદ ભર્યો ઉપર સૌ બહેનોએ ગરબા લીધા હતા તેમજ મહાભારતની થીમ પર નૃત્ય કરી રાધા-કિષ્ણના ડોલી નૃત્ય, રાસ વિગેરે કાર્યક્રમો કરી સૌના મન હરી લીધા હતા.

આ તમામ કલાકારોને લાયોનેસ કલબના પ્રમુખ પ્રીતિબેન શર્મા અને સેક્રેટરી વિમળાબેન આયાચી દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં લાયોનેસ પાસ્ટ પ્રેસીડન્ટ મીનાક્ષીબેન જયસિંગાણી, નીતાબેન રાણા તેમજ લાયોનેસની બહેનો ઉપસ્થિત રહી હતી તેમજ કોર્પોરેટર શૈલાબેન ત્રિવેદી, રૂપેશભાઈ ગજ્જર, ગાયત્રી પરિવારના પ્રમુખ રાજુભાઈ પારેખ, નારીગૃહના પ્રમુખ શર્મીષ્ઠાબેન દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ઉદગમ ચેરીટેબલ દ્વારા ૨૭મીએ મ્યુઝિક ફેસ્ટિવલનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટી ધ્રુવભાઈ જોષીની પ્રેરણાથી ભારતીય શાસ્ત્રીય સંગીતને પ્રોત્સાહન આપવા માટે ગાંધીનગરના નાગરિકો માટે ઉદગમ મ્યુઝિક ફેસ્ટિવલની શરૂઆત કરવામાં આવી હતી. સતત ત્રણ મ્યુઝિક ફેસ્ટિવલને ભવ્ય રસિકજનોનો ભવ્ય પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો. ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે સાંસ્કૃતિક ધરોહર યોજના અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ઓફ આર્ટસ(IGNCA), રીજીયોનલ સેન્ટર, વડોદરા તથા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સહકારથી તા. ૨૭મી, શનિવારના રોજ રાત્રે ૦૮:૩૦ વાગ્યાથી કોમ્યુનિટી હોલ, સેક્ટર-૭ ખાતે ધ્રુવ પર્વ- ચોથા ઉદગમ મ્યુઝિક ફેસ્ટિવલનું આયોજન કરેલ છે. ધ્રુવ પર્વ- ચોથા ઉદગમ મ્યુઝિક ફેસ્ટિવલમાં શાસ્ત્રીય સંગીતના સાધક અને ગાયક વિદુષી ડો. સુભદ્રા દેસાઈ, બનારસથી સિદ્ધ વીણા વાદક પંડિત સિદ્ધાર્થ બેનર્જી અને અમદાવાદના કલાકારો તાલ-વાદ્યની કળાની પ્રસ્તુતિ કરશે. ગાંધીનગરના ભારતીય શાસ્ત્રીય સંગીત સહુ રસિકજનો કાર્યક્રમમાં પધારવા માટે જાહેર આમંત્રણ છે.

એમ બી પટેલ સ્કુલમાં ગણિતના સંદર્ભમાં ખુણાઓની માહિતી આપવાનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલ દ્વારા ધો.૭ના ગણિત વિષયના સંદર્ભમાં ખુણાઓની સમજ વિષયક મુદ્દા પાત્રો દ્વારા રજુ કરવાની પ્રવૃતિનું આયોજન શાળાના સેમિનાર હોલમાં રાખ્યું હતું. જેમાં ૬૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ સ્ટેજ ઉપર સુંદર રજુઆત કરેલ હતી. આ પ્રવૃતિનું આયોજન શાળાના ધો.૧માં ગણિત વિષય ભણાવતાં શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

રોટરી કલબ દ્વારા છોટે કિસાન કાર્યક્રમ અંતર્ગત બીજ અને શાકભાજીના રોપનું વિતરણ કરાયું

રોટરી ક્લબ ગાંધીનગર દ્વારા છોટે કિસાન કાર્યક્રમ છેલ્લા ત્રણ વર્ષથી ચાલે છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને વિનામૂલ્ય બીજ તથા શાકભાજીના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. બાળકોને જુદી જુદી શાકભાજીના બીજ કેવા હોય તે જોઈને આશ્ચર્ય થયું હતું. નાના નાના બીજમાંથી કેટલા મોટા છોડ થાય અને તેમાં વિવિધ પ્રકારના શાકભાજી આવે તે જોવાનું બાળકોને કુતૂહલ થાય છે. શાકભાજી નું વાવેતર ઘર આંગણે કરવાથી બાળકોને ઝેર મુક્ત તાજા શાકભાજી મળે છે.પર્યાવરણ બાબતની પણ જાગૃતિ આવે છે. આ કાર્યક્રમ સફળ બનાવવા ક્લબના પ્રેસિડેન્ટ ડો. જગદીશ પટેલ, નીતિનભાઈ પાદરીયા, ડો પારસ ઉચાટ, ડૉ.આર. એ. શેરસિયા, રોટરેકટ ટીમએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

રોટરી કલબ દ્વારા ઉનાવા ખાતે મેડિકલ કેમ્પ યોજાશે

ઈકો ગ્રીન પ્રોડકટ પ્રા.લિ.ના સહયોગથી ગાંધીનગર રોટરી કલબ દ્વારા આયોજિત નિશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ અને કેન્સર ચકાસણી માટેના કેમ્પનું આયોજન તા.૨૮મીએ સવારે ૯થી ૧૨ કલાકે વિદ્યાર્થી આશ્રમ, ઉનાવા ખાતે કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં લાભ લેનાર દર્દીઓને વિવિધ પ્રકારના બ્લડ રીપોર્ટ, ઈસીજી, ફેફસાના ટેસ્ટ, કેન્સરના ટેસ્ટ તેમજ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવશે. આ કેમ્પમાં દર્દીઓને નંબરના ચશ્મા રાહતદરે પુરા પાડવામાં આવશે. આસપાસના ગામડાઓના તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા માટે ગાંધીનગર રોટરી કલબના પ્રમુખ ડો.જગદીશ પટેલે તથા સેક્રેટરી પારસ ઉચાટ દ્વારા જણાવાયું છે.

સરગાસણ ખાતે ૨૮મીએ સંગીતમય સુંદરકાંડ

ગાંધીનગર, તા. ૨૪

શ્રી હડમતીયા હનુમાનજી મંદિર, હડમતીયા મઠ, ખ-રોડ, સ્વાગત રેનફોરેસ્ટ-૩ની પાછળ, સરગાસણ ખાતે ૨૮મી ઓગષ્ટે સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. જે રાત્રે ૮.૩૦ કલાકે અશ્વિનકુમાર પાઠકના મધુર કંઠે સંગીતમય સુંદરકાંડ પાઠ યોજાશે. સર્વે નાગરિકોને પધારવા જાહેર આમંત્રણ પાઠવ્યુ છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.વાઘેલા કાળુસિંહ ઈશ્વરસિંહ ઉ.વ.૬૩, પીંપળજ
- સ્વ.વાઘરી સુનિલભાઈ ચતુરભાઈ ઉ.વ.૩૮, સુખડ, પ્રાંતિજ
- સ્વ.પરમાર અનોપસિંહ ઉદેસિંહ ઉ.વ.૫૧, ડભોડા
- સ્વ.વાઘેલા રતનસિંહ પબજી ઉ.વ.૭૦, પીંપળજ

● રૂદ્રભૂમિ ●

- સ્વ.બાસુ સુભદ્ર અમુલ્યરતન ઉ.વ.૭૫, વાવોલ
- સ્વ.ઠાકોર મણીબેન રમણજી ઉ.વ.૬૮, કુડાસણ